# નિલોફર વાવાઝોડાની ઘાત ટળી

## સાવચેતીના પગલારૂપે હજારો લોકોને ખસેડવામાં આવ્યા છે : વાવાઝોડાથી સર્જનારી સંભવિત તબાહીનો ભય ટળ્યો છતાં ડિપ્રેશનના કારણે રાજ્યમાં ભારે વરસાદ થવાની શક્યતા ધ્યાનમાં રાખી તંત્ર હજુપણ સાબદુ

અમદાવાદ, તા.૩૦

ગુજરાત સરકાર સહિત રાજ્યની પ્રજાની ઉંઘ હરામ કરનાર નિલોફર વાવાઝોડું નબળુ પડી ગુજરાતના કાંઠે ત્રાટકશે ત્યારે માત્ર ડિપ્રેશનમાં ફેરવાઈ જશે તેવી હવામાન વિભાગની સત્તાવાર જાહેરાત બહાર સરકાર તથા પ્રજાને ખૂબ મોટી રાહત થઈ છે. અલબત્ત તા. ૧લી નવેમ્બરે સવારે નલીયા ખાતે ત્રાટકનાર નિલોફર વાવાઝોડાને ધ્યાનમાં લઈ સરકારી તંત્ર કોઈપણ ગફલતમાં રહેવા માગતું નથી. અને તમામ તકેદારીના પગલા ભરવામાં સરકારે કોઈપણ પીછેહઠ કરી નથી. ડિપ્રેશનમાં તબદીલ થનારા નિલોફર વાવાઝોડાના કારણે કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત સહિત કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ પડવાની શક્યતાઓને ધ્યાનમાં રાખી સરકારે કેટલીક અગમચેતી ભરી કાર્યવાહી શરૂ કરી છે. જેમાં વાવાઝોડાની નહિવત અસર છતાં ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખી હજારો લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે અને કાંઠા વિસ્તારના અનેક ગામો ખાલી કરવાની તૈયારી પણ હાથ ધરવામાં આવી છે જેમાં ભૂજનું જખૌ ગામ ખાલી કરાવી દેવામાં આવ્યું છે. આજે નિલોફર વાવાઝોડાની પૂર્વ અસરરૂપે અમદાવાદ સહિત સમગ્ર

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

સાચા મિત્ર સાથે પાણી પીવાનો અવસર મળે તો પણ મધ જેવું મીઠું લાગે છે
- ચીની કહેવત

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૨૭ | ૩૧ ઓક્ટોબર, ૨૦૧૪, શુક્રવાર ; કારતક સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રાજયના મુખ્ય સચિવ પદે ડી.જે. પાંડીયન



## જી.આર. અલોરીયાને ગૃહ વિભાગનો વધારાનો હવાલો સોંપાયો : ઉદ્યોગ વિભાગના અગ્ર સચિવ પદે અતનું ચક્રવર્તી

ગાંધીનગર, તા.૩૦

રાજયના નવા મુખ્ય સચિવ પદે ડી.જે. પાંડીયનની નિમણુંક કરવામાં આવી છે જયારે સીનિયર મોસ્ટ અધિક મુખ્ય સચિવ એસ.કે. નંદાની ગૃહ વિભાગમાંથી બદલી કરીને તેમને જીએસએફસી બરોડના સીએમડી તરીકે નિમણુંક કરવામાં આવી છે.

રાજયના મુખ્ય સચિવ ડૉ. વરેશ સિન્હા વય નિવૃત્ત થયા બાદ તેમને બે વાર એક્ષટેન્શન આપીને મુખ્ય સચિવ તરીકે ચાલુ રાખવામાં આવ્યા હતાં.

આવતીકાલે વરેશ સિન્હાની મુદત પુરી થતાં ખાલી પડતી આ મુખ્ય સચિવના પદ પર કોની નિમણુંક કરવામાં આવશે તે અંગે છેલ્લા કેટલાક સમયથી ભારે અટકળો વહેતી થવા પામી હતી.

આજે રાજય સરકારે રાજયના નવા મુખ્ય સચિવ તરીકે ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ તરીકે ફરજ બજાવતા ડી.જે. પાંડીયનની નિમણુંક કરતા તમામ અટકળોનો અંત આવી જવા પામ્યો છે.

ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ તરીકે ફરજ બજાવતા એસ.કે. નંદાની બદલી કરીને તેમને બરોડા ખાતે ગુજરાત રાજય ફર્ટીલાઈઝર કોર્પોરેશનના ચેરમેન અને એમ.ડી. તરીકે નિમણુંક કરવામાં આવી છે.

સચિવાલય સાથે સંકળાયેલા સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ છેલ્લા કેટલાક સમયથી રાજયના નવા મુખ્ય સચિવ તરીકે એસ.કે.નંદા અને ડી.જે. પાંડીયનના નામો વહેતા થયા હતા જો કે આખરે આજે રાજય સરકારે રાજયના નવા મુખ્ય સચિવ પદેની તાજપોશી ડી.જે. પાંડીયનના શીરે કરી છે.

શ્રી ડી. જે. પાંડીયન રાજય સરકારના વિવિધ વિભાગો અને બોર્ડ-નિગમોમાં પ્રસંશનીય કામગીરી કરી હોવાથી તેમની પસંદગી થયાનું સચિવાલય વર્તુળમાં ચર્ચાય છે. જી.એસ.પી.સી., ઉર્જા વિભાગ અને ઉદ્યોગ વિભાગની કાયાપલટમાં શ્રી ડી. જે. પાંડીયનની મહત્વની ભૂમિકા રહી છે. કર્મચારીઓ, અધિકારીઓ રાજકીય અગ્રણીઓ અને સામાન્ય પ્રજાજનોને સરખો પ્રતિભાવ આપવાની આગવી શૈલી છે.

### મુખ્ય સચિવની નિવૃત્તિના પગલે માળખામાં ફેરફાર

| નામ | હાલમાં કાર્યરત | બદલીનું સ્થળ |
|---|---|---|
| એસ. કે. નંદા | અધિક મુખ્ય સચિવ, ગૃહ વિભાગ | સીએમડી, જીએસએફસી, વડોદરા |
| અતનુ ચક્રવર્તી | એમડી, જીએસએફસી, વડોદરા | અગ્ર સચિવ, ઉદ્યોગ ખાણ વિભાગ, સચિવાલય, જીએસએફસીના વધારાના હવાલો |
| જી. આર. અલોરીયા | અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય | અધિક મુખ્ય સચિવ તરીકે ગૃહ વિભાગના વધારાનો હવાલો |
| કે. એન. ભટ્ટ | જમીન સુધારા વિભાગના એક્સ-ઓફીસીયો સેક્રેટરી | ચીફ એક્ઝિક્યુટીવ ઓફીસર નર્મદા યોજના પૂર્નવસન વિભાગ |
| ડો. જે. એન. સિંગ | અધિક મુખ્ય સચિવ, રેવન્યુ વિભાગ સચિવાલય કમિશ્નર તથા એક્સ-ઓફીસીયો | જમીન સુધારણા વિભાગના અધિક મુખ્ય સચિવ રેવન્યુ વિભાગ |
| બી. બી. સ્વેઈન | વાઈસ ચેરમેન તથા એમડી, જીઆઈડીસી, ગાંધીનગર | વધારાનો હવાલો- મેનેજીંગ ડાયરેક્ટર, જીએમડીસી |

## વાવાઝોડાની અસરને પગલે વાદળછાયુ વાતાવરણ

ગાંધીનગર, તા. ૩૦

નિલોફર વાવાઝોડાની અસરના કારણે સમગ્ર રાજ્ય સહિત ગાંધીનગર શહેરના હવામાનમાં પલટો આવવા પામ્યો છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં છુટો છવાયા વરસાદના છાંટા પડવાનું શરૂ થયું છે તો કેટલાક સ્થળોએ વાદળછાયુ વાતાવરણ સર્જાયુ છે.

રાજ્ય પુર નિયંત્રણ કક્ષના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ અરબી સમુદ્રમાંથી ઉદ્‌ભવેલ નિલોફર વાવાઝોડુ નબળુ પડવા પામ્યું છે. નિલોફર હાલ નલિયાથી ૪૮૦ કિ.મી. દૂર છે અને ૪૦ થી ૫૦ કિ.મી. ઝડપે પવન ફુંકાવાની શક્યતા છે. નિલોફર વાવાઝોડાની તાકાત ઘટતા નુકશાનીનો ભય ટળવા પામ્યો છે. જો કે વાવાઝોડાની અસરને કારણે કચ્છ, જામનગર, પોરબંદર, વેરાવળ સહીતના કેટલાક દરિયાકાંઠા વિસ્તારોમાં ૨ થી ૧૦ ઈંચ જેટલો વરસાદ થવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

વાવાઝોડાની અસરને કારણે ગાંધીનગર શહેર સહિત રાજ્યના હવામાનમાં પલટો આવવા પામ્યો છે. કેટલાક જિલ્લામાં આજે સવારથી જ વાદળછાયુ વાતાવરણ સર્જાવા પામ્યુ છે તો રાજ્યના કેટલાક વિસ્તારોમાં ક્યાંક છુટો છવાયા છાંટા પડ્યા હોવાના પણ અહેવાલો સાંપડી રહ્યા છે.



## હવામાનની પ્રતિકૂળતાઓને પગલે રવિ સીઝનની વાવણીનો ધીમો પ્રારંભ

### સાત હજાર હેકટર વિસ્તારમાં વાવેતર થયું : શાકભાજીનું વાવેતર બે હજાર હેકટરમાં તો બટાટાનું વાવેતર ૪૪૦ હેકટરમાં : રાઈનું વાવેતર ૭૨૦ હેકટર નોંધાયું છે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લામાં હજુ શિયાળાની ઠંડી જામતી નહિ હોવાથી ખેડૂતોમાં રવિપાકની વાવણીનો મૂડ પણ જામતો નથી. જિલ્લામાં રવિ સીઝન માટે અત્યાર સુધીમાં ૭ હજાર હેકટર વિસ્તારમાં વાવેતર નોંધાયું છે.

શિયાળાની સિઝન શાકભાજી માટે ઉત્તમ અને રોકડિયા પાક તરીકે ઓળખાતી હોવાથી શાકભાજીના પાકોનું વાવેતર ૨ હજાર હેકટર વિસ્તારમાં થયું છે. જિલ્લામાં આ વખતે બટાટાની ખેતી પણ હજુ સુધી ૪૪૦ હેકટર વિસ્તારમાં થઈ છે.

જિલ્લામાં રાઈનું વાવેતર ૭૨૦ હેકટર વિસ્તારમાં થયું છે જયારે તમાકુનું વાવેતર ૨૧૫ હેકટર

● અનુસંધાન પાન-૭ પર

નૂતન વર્ષાભિનંદન

asianpaints



ગાંધીનગર શહેર અને જિલ્લાના બિલ્ડર્સ, આર્કીટેક્ટ્સ, એન્જિનિયર્સ તથા વહેપારી મિત્રો, પેઈન્ટર ભાઈઓ તથા ગાંધીનગરના સર્વે નગરજનોને

કાલીદાસ પટેલ તથા જસવંતલાલ સી. મોદીના નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન

અંબિકા એન્ટરપ્રાઈઝ

૧, શાલીન કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ફોન : ૨૩૨૪૦૧૩૦, (નિ.) ૨૩૨૨૧૫૫૦ મો. ૯૮૨૪૧ ૬૦૮૦૬

આઈ.સી.આઈ. પેઈન્ટ્સ, એશિયન પેઈન્ટ્સ, નેરોલેક પેઈન્ટ્સ, બર્જર પેઈન્ટ્સ, ઈન્ડોસેમ અને પોલિસ મટીરીયલ્સના અધિકૃત વિક્રેતા

# ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પ્રતિનિયુક્તી પરના ચાલીસ કર્મચારીઓ છુટા કરાયા

### વહીવટીતંત્ર સામે ગંભીર પડકારો ઉભા થયા : ૪૦૦ની ઘટ તો હતી જ : ઘટ વધી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના ૨૦ તલાટીઓ જે પ્રતિનિયુક્તી પર અહિ ફરજ બજાવતા હતા તેમને તેમના મૂળ જિલ્લામાં પરત કરવાના આદેશો કરાતા પંચાયતી રાજ વ્યવસ્થા પર વિપરીત અસરો પડે તેવી સંભાવનાઓ છે.

રાજ્ય સરકારના પંચાયત વિભાગે તાજેતરમાં પંચાયત સેવામાં પ્રતિનિયુક્તીથી ફરજો બજાવતા તમામ કર્મચારીઓને તેમના મૂળ જિલ્લામાં પરત મોકલવાના આદેશો જારી કર્યા હતા.

પંચાયતની જુદી જુદી કેડરના ૪૦ થી પણ વધુ કર્મચારીઓને આજે છુટા કરવાના આદેશો જારી કરવામાં આવતાં પંચાયત ભવનમાં સન્નાટો વ્યાપેલો જોવા મળતો હતો.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં જિલ્લાના વિસ્તાર પછી મહેકમ રિવ્યુ થયો નથી. જે મંજૂર થયેલ મહેકમ છે તે ૧૫૦૦ નું હતું જેપૈકી ૧૧૦૦ જેટલી જગ્યાઓ ભરાયેલી છે. હવે ૪૦ જેટલા કર્મચારીઓ તેમના જિલ્લામાં પરત ફરતાં જિલ્લા પંચાયતના વહીવટીતંત્રમાં વિપરીત અસરો પડશે તેમ મનાઈ રહ્યું છે.

પંચાયતના સૂત્રો પાસેથી મળતી વિગતો પ્રમાણે તલાટી સંવર્ગમાં ૪૭ ની ઘટ હતી તેમજ હવે ૨૦ પ્રતિ નિયુક્તીના તલાટીઓને પરત મોકલવાના હુકમો થતાં પંચાયતી રાજ વ્યવસ્થા ખોરવાય તેવા સંકેતો મળી રહ્યા છે. આમેય તલાટીઓને એક સેજાને બદલે બે થી સેજાના ચાર્જ હતા હવે તેમાં વધારો થશે જેથી ગ્રામીણ વિસ્તારના પ્રશ્નોમાં વધારો થશે.

મળતી વિગતો પ્રમાણે આમેય પંચાયતી રાજ વ્યવસ્થામાં વેરા વસુલાતની કામગીરી પણ નબળી હતી હવે તે વધુ કથળશે. આ ઉપરાંત વિકાસના કામો ખાસ કરીને ૧૩ મા નાણાં પંચના, રેતી કાંકરીની ગ્રાન્ટના તેમજ સભ્યોની વિસ્તાર વિકાસ ગ્રાન્ટના કામો રખડી પડે તેવી સ્થિતિ ઉભી થવા પામી છે.

● અનુસંધાન પાન-૭ પર



ડાયરો - જયઅંબે પરિવારના રજયજયંતિ મહોત્સવના ત્રીજા દિવસે ગુજરાતના જાણીતા લોકસાહિત્ય કલાકાર ભીખુદાન ગઢવીએ ભારે જમાવટ કરી હતી. છટાદાર વાણીમાં અસરકારક રજૂઆત કરીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. હજારોના માનવ મહેરામણ સાથે લોકવાર્તા માંડી હતી... આ પ્રસંગે ભાજપના ઉપાધ્યક્ષ પુરુષોત્તમ રૂપાલા ઉપસ્થિત રહ્યા હતા.

